# બંધન બેંક ભારતીય સેનાને બેંકિંગ સેવાઓ પ્રદાન કરશે

ભારતની નવી બેંકો પૈકીની એક બંધન બેંક દ્વારા આજે બંધન બેંક શૌર્ય સેલરી એકાઉન્ટ માટે ભારતીય સેના સાથે સમજૂતીકરાર (એમ.ઓ.યુ.) કર્યા છે. આ અકાઉન્ટ ભારતીય સેનાના સાહસિક જવાનો માટે બેંકિંગની વિશેષ સુવિધાઓ આપશે.

આ સમજૂતીકરાર પર નવી દિલ્હીમાં ભારતીય સેનાના લેફ્ટેનન્ટ જનરલ રવિન ખોસલા (AVSM, SM, VSM), zeS (MP & PS) અને બંધન બેંકના મૅનેજિંગ ડિરેક્ટર અને સી.ઈ.ઓ. ચંદ્ર શેખર ઘોષે હસ્તાક્ષર કર્યા હતા.

બંધન બેંક શૌર્ય સેલરી અકાઉન્ટ અંતર્ગત બેંકના બેંકિંગ આઉટલેટ્સના નેટવર્ક દ્વારા ભારતીય સેનાના સેવારત જવાનોને વિવિધ બેંકિંગ સેવાઓ પ્રદાન થશે. આ અકાઉન્ટ અનેક સુવિધાઓ આપશે, જેમાં ઝીરો બેલેન્સ સુવિધા અને રૂ. ૧ લાખથી વધુ બેલેન્સ પર ૬% વ્યાજ, તમામ એ.ટી.એમ. પર અનલિમિટેડ ફ્રી એ.ટી.એમ. વ્યવહારો, શૌર્ય વિઝા પ્લેટિનમ ડેબિટ કાર્ડ પર ઈસ્સુઅન્સ અને વાર્ષિક ચાર્જથી મુક્તિ તેમજ અનલિમિટેડ ફ્રી NEFT/ RTGS/ IMPS/ DD વ્યવહારો સામેલ છે.




બંધન બેંક શૌર્ય સેલરી અકાઉન્ટ પોતાના અને મિલકત માટે સુરક્ષાકવચ પણ આપે છે. જેમાં રૂ. ૩૦ લાખનો વ્યક્તિગત અકસ્માત વીમો, રૂ. ૧ કરોડનો હવાઈ અકસ્માત સુરક્ષા અને ખાતાધારકના આકસ્મિક મૃત્યુના કેસમાં એમના પર આશ્રિત બાળકને ૪ વર્ષ માટે દર વર્ષે રૂ. ૧ લાખ સુધીનો ફ્રી એજ્યુકેશનલ બેનિફિટ સામેલ છે.

આ પ્રસંગે લેફ્ટેનન્ટ જનરલ રવિન ખોસલાએ કહ્યું હતું કે, "અમને બંધન બેંકને આવકારવાની ખુશી છે. એમની સમગ્ર ભારતમાં હાજરી તથા વિવિધતાસભર બેંકિંગ ઉત્પાદનો અને સેવાઓ અમારા જવાનોને સરળ અને ઝડપી બેંકિંગની સુવિધા મેળવવામાં મદદરૂપ થશે. અમે બંધન બેંક સાથે લાંબા અને ફળદાયક જોડાણ માટે આતુર છીએ."